View this email in your browser

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દૂર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

Learn more

March 2025 | Issue No. 64 | A monthly newsletter

સ્નેહી વાચક મિત્રો,
પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી દર મહીને ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને માર્ગદર્શન મળતા રહે તેવી અપેક્ષા છે.
અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## વિશ્વાસ સંપાદન બાળકના વિકાસ માટે મહત્વનું પરિબળ બની જાય છે.


ફોટામાં ખુશ દેખાતી ઝોયાની સફર પ્રભાતના બીજા બાળકોની જેમ જ રોમાંચક રહી છે. દરેક બાળક પ્રભાત માટે 'વિશેષ' છે. પ્રભાત ટીમ બાળકના વ્યક્તિત્વ અને ભાવનાત્મક જરૂરિયાતોને અનુરૂપ અનુકૂલન સાધે છે. અહી આપની સાથે ઝોયાના વિકાસની સફરની વાતને પહોંચાડવી છે. પરિવારથી દૂર ન રહેતી ઝોયા માટે પ્રભાત કઇ રીતે તેનું બીજું ઘર બની ગયું તે પ્રક્રિયામાં ચોક્કસ ઝોયાની તો ભૂમિકા મહત્વની જ છે, સાથે પ્રભાત ટીમ અને તેના પરિવારના સભ્યોની મહેનત નજરે ચડે છે.

અગિયાર વર્ષની ઝોયા માટે, પ્રભાત સેન્ટરમાં આવવું એ એક પરિવર્તનશીલ યાત્રાની શરૂઆત હતી. શરૂઆતમાં, તેને પ્રભાતમાં અજાણ્યું લાગતું. પોતાની માતા સિવાય ક્યાંય ન રહેતી ઝોયા માટે નવા વાતાવરણ અને નવા લોકો સાથે રહેવું પડકારજનક હતું. તેથી જ પ્રભાત ટીમે શરૂઆતનો સમય ઝોયાને અનુકુળ થવા માટે આપ્યો. તેને હૂંફ અને સુરક્ષિત વાતાવરણ મળી રહે, તેની જરૂરિયાતોને ઓળખી અને તેની પસંદગીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

એસેસમેન્ટ અને થેરાપીને લઇને સેશન માટેનું આયોજન કરવામાં આવ્યું. તેના ઓટીઝમ અને બૌદ્ધિક અક્ષમતાને ધ્યાનમાં રાખીને ટીમ દ્વારા આંખ-હાથ સંકલન, રંગ ઓળખ અને શૈક્ષણિક કુશળતા વિકસાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. ધીરજ અને સકારાત્મક મજબૂતીકરણ સાથે, ઝોયા આગળ વધવા લાગી. તે હવે પેન્સિલથી આકાર દોરે છે અને સ્પીચ થેરાપીમાં હાજરી આપે છે. ધીમે ધીમે તેના શબ્દ ભંડોળમાં વધારો થઇ રહ્યો છે.

હવે પ્રભાત સેન્ટર ઝોયા માટે બીજું ઘર બની ગયું છે. ટીમના સમર્પણ અને સમજણથી શરૂઆતના પડકારોનો સામનો કરી તેનામાં વિકાસ અને સફળતા પ્રાપ્ત કરવાનો સંતોષ છે.





અપેક્ષિત પરિણામો નજર આવતા હવે તેના શૈક્ષણિક પાંસા પર ધ્યાન કેન્દ્રિત તેની સાથે કાર્ય થઇ રહ્યું છે. ઝોયાની આવનાર સફર માટે ખુબ ખુબ શુભેચ્છાઓ.

*તૈયાર કરનાર : નાલંદા ધામેલ – સ્પેશયલ એજ્યુકેટર*

## કાર્યક્રમની ઝલક

### સમાવિષ્ટ શાળા તરફની એક પહેલ : સમાનતા મહોત્સવ





કાંકરિયા શાળા નંબર 8ની એ સવારનું દ્રશ્ય સમાવિષ્ટ સમુદાય માટે ફરી પ્રભાતને નવી ઉર્જા આપનારું બની ગયું. દરેક બાળક વિવિધ રમતો, ઝુમ્બાના તાલે રમી રહ્યા હતા તો ઈન્ટરેક્ટીવ રમતો દ્વારા શીખી રહ્યા હતા. બાળકની 'મોજ' માટે અનેક વિકલ્પો અહીં એપ્રોપ સંસ્થા દ્વારા પીરસવામાં આવ્યા હતા. આપણે વાત કરી રહ્યા છીએ, કાંકરિયા શાળા નંબર ૮માં સમાનતા મહોત્સવના કાર્યક્રમની! જેમાં બાળકે સમાનતા અને સુખદ શૈક્ષણિક અનુભૂતિ કરી હતી. બંને વ્યક્તિમાં તફાવત છે પણ કોઈ 'ભેદભાવ' નથી એવી ઊંડી સમજ બાળકોની અંદર પ્રવેશી રહી હતી.

આ કાર્યક્રમમાં મ્યુનિસિપલસ્કૂલ બોર્ડના વાઇસ ચેરમેનશ્રી વિપુલભાઇ સેવક, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કેશવભાઇ ચેટરજી, શાળાના પ્રિન્સિપાલ શ્રી બીરજુબેન કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકો અને વાલી સાથે સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

### સમાવેશી આંગણવાડીમાં હેન્ડહોલ્ડીંગની પ્રક્રિયા



લાંબા અને ટકાઉ પરિવર્તન માટે સંસ્થા કાર્યક્રમના એક્ઝીટ માટેની ચોક્કસ રણનીતિ બનાવે છે. જેના ભાગ રૂપે પ્રભાત દ્વારા પહેલા તબક્કાની 20 આંગણવાડી હેન્ડ હોલ્ડીંગની પ્રક્રિયા થઇ રહી છે. આ અન્વયે સમુદાયના સભ્યો ને સાથે રાખીને 'સપોર્ટ ગ્રુપ' ની રચના કરવામાં આવી છે. આ ગ્રુપ સમાવેશી આંગણવાડી માટે કાર્ય કરશે. આ ગ્રુપને તાલીમ બદ્ધ કરવામાં આવશે અને સાથે રહીને તેની સાથે રહી આંગણવાડી માટે આયોજન અને તેમની ભૂમિકા નિશ્ચિત કરવામાં આવશે.

હાલ, આ સપોર્ટ ગ્રુપ બે આંગણવાડી બનાવવામાં આવેલ છે. આગળ અન્ય આંગણવાડી માટે સપોર્ટ ગ્રુપનું આયોજન છે.

### બોર્ડ મીટીંગ



સંસ્થાને સમયાંતરે દિશા આપવા, કાર્યકરોને પ્રોત્સાહિત કરવા અને આગળની દિશાના માર્ગદર્શન માટે બોર્ડ મીટીંગ મહત્વની પ્રક્રિયા છે. જેના ભાગરૂપે માર્ચ મહિનામાં થયેલ બોર્ડ મીટીંગમાં બોર્ડના સભ્યો શ્રી અશોક ચેટર્જી, શ્રી રેણુ સેઠ અને શ્રી હાસ્યલતા બેન હાજર રહ્યા હતા. આ મીટીંગ બોર્ડના સભ્યો, કાર્યકરો અને બાળકો સાથે અસરકારક વાર્તાલાપ સાથે કરી વધારે રસપ્રદ બની હતી.

પ્રથમ તબક્કામાં સંસ્થા દ્વારા કાર્યક્રમમાં થયેલ હસ્તક્ષેપ અને પ્રવૃત્તિઓની રજૂઆત ટીમ દ્વારા કરવામાં આવી. જેમાં મુખ્યત્વે ટીમ દ્વારા સરકારી જોડાણો, સહાય અને સાધનોનું વિતરણ અને સમુદાય સુધી પહોંચ સંદર્ભે અનુભવ રજુ કર્યા હતા. બોર્ડના સભ્યોએ કાર્યની પ્રશંસા કરી. ખાસ કરીને વ્યવસાયિક પહેલ અને પ્રભાતના દિવ્યાંગ વ્યક્તિઓ માટે કાર્યસ્થળના એકીકરણ માટેના અભિગમ પર વિગતવાર ચર્ચા કરી. 'ઊર્જાની પહોંચ' પર પ્રભાતના ચાલુ સંશોધન માટે શ્રી અશોક ચેટર્જીએ મૂલ્યવાન અભિપ્રાય નિર્દેશ કર્યા.

AMC ના પ્રતિનિધિ પ્રીતેશ શાહે પણ પ્રભાત સાથેના સફળ સહયોગ પર પ્રકાશ પાડ્યો, જેના કારણે રાજ્ય સ્તરે સંસ્થાની હિમાયત વધી છે.

આ બેઠક નવી આશા સાથે પૂર્ણ થઇ હતી. જેમાં પ્રભાતે આગામી વર્ષમાં સમાવેશને વિસ્તૃત કરવા અને સમુદાયના પ્રભાવને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી હતી.





### હોળીની ઉજવણી

રંગો સાથે માનવીનો અદ્દભુત સંબંધ છે. હોળી તો 'રંગોનો તહેવાર' જેમાં આનંદ, ઉલ્લાસ છલ્લોછલ જોવા મળે. અહી તો દરેક રંગથી માનવીઓ રંગાય અને એકબીજાથી વધુ નિકટ આવે. પ્રભાતના બાળકો પણ આ રંગોનો તહેવાર ઉજવવાથી પાછા કેમ પડે? વળી મસ્તીની સાથે બાળકને કઇ રીતે નવું શીખવવું તેનો વિચાર તો પ્રભાતનો કાયમ રહે. તેથી આ હોળીમાં પણ બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રંગોથી રમાડ્યા. તો વળી હોળીના માધ્યમથી બાળકોને શીખવા અને વિકાસ કરવાની એક અનોખી તક પણ પૂરી પાડવામાં આવી.

કાંકરિયા ગુજરાતી શાળા નં.8 માં ધોરણ-6ની વિદ્યાર્થિનીઓ સાથે રિસોર્સ રૂમના બાળકોને ક્રાફ્ટપેપરમાંથી પિચકારી (Origami pichkari) બનાવતા શીખવવામાં આવ્યું સાથે હોળી સેલિબ્રેશન માટે આઉટિંગમાં લઇ જઇ વસ્તુની ખરીદી કરતા શીખવવામાં આવી. તો વળી વટવા સેન્ટરના વોકેશનલના બાળકોને સાથે રાખીને ભેળ બનાવતા શીખવવામાં આવી. આમ, મનોરંજક અને ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને, સંસ્કૃતિ અને મૂલ્યવાન પાઠ અહી શીખવવામાં આવ્યા.

## એડવોકસી અને નેટવર્કિંગ

### કાંકરિયા ગુજરાતી શાળા નંબર 6ના પ્રિન્સીપાલ અને વિદ્યાર્થીઓ દ્વારા રિસોર્સ રૂમ ની મુલાકાત



સરકારી શાળામાં રિસોર્સરૂમનો પ્રયોગ અને તેની અસરકારક અમલવારી - આ દિશામાં હકારાત્મક અભિગમ દેખાઇ રહ્યો છે. સમગ્ર શિક્ષા અભિયાનથી આવતા સ્પેશયલ એજ્યુકેટર દ્વારા પણ નોંધ લેવામાં આવે છે. જેનું આસપાસની સરકારી શાળાઓમાં પણ શેરીંગ થાય છે. જેમ કે, આ મહીને કાંકરિયા શાળા નંબર 6ના પ્રિન્સીપાલ વિનીતાબેન અને કાંકરીયા શાળા નં-6 ના વિધાર્થીઓએ રિસોર્સ રૂમની મુલાકાત લીધી હતી.

તેઓ રિસોર્સ રૂમની શૈક્ષણિક પ્રવૃતિઓ અને થેરાપી સંબંધિત મળતી સેવાઓથી અવગત થયા હતા. સમુદાય અને સમાવેશકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે વિધાર્થીઓએ રિસોર્સ રૂમમાં બાળકો સાથે વાતચીત કરી હતી.

### અભ્યાસ

યુ.કે.ની લફબ્રો યુનિવર્સીટીના સ્વતંત્ર સલાહકાર ડો.અમિતા ભક્ત અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં વિકલાંગ વ્યક્તિઓની ઉર્જા માટેની સુલભતા સમજવા માટેના પ્રયાસના અભ્યાસનો માહિતી એકત્રીકરણનો તબક્કો સફળ રીતે પૂર્ણ કરી શકવાનો આનંદ છે. હવે પ્રભાત ટીમ અને ડો. અમિતા ભક્ત દ્વારા તેના આધારે માહિતીનું વર્ગીકરણ, વિશ્લેષણનું કાર્ય સાથે આખરી અહેવાલ તૈયાર કરવાની પ્રક્રિયા થઇ રહી છે.



ટૂંક સમયમાં આપણી સામે નવા વિષયને લઇને રોમાંચક અને રસપ્રદ તારણો સાથે અહેવાલ તૈયાર હશે.

### સમાવેશી સમુદાયની સફરને વધુ મજબુત બનાવવા વ્યૂહાત્મક ભાગીદારી તરફ - અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન દ્વારા પ્રભાતની મુલાકાત

વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકો / પુખ્ત વયના વ્યક્તિઓ સ્વમાન સાથે જીવે અને તેમના વિકાસ માટે અવસરો ખુલ્લા થાય એવા બહોળા વિઝન સાથે પ્રભાતની સફરમાં અનેક વ્યક્તિગત અને ફંડિંગ એજન્સી આર્થિક અનુદાન આપે છે. જેથી આ સફર વધુ અસરકારક રીતે થઇ રહી છે.
આ અન્વયે પ્રતિષ્ઠિત અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, શ્રી નાગરત્નાજી અને વર્ષાબેન, પ્રભાતની પહેલોનું અન્વેષણ કરવા માટે પ્રભાત સંસ્થાની મુલાકાતે આવ્યા હતા. ટીમ સાથે બેઠક, સેન્ટરની મુલાકાતો અને હિતધારકો સાથે સંવાદના માધ્યમથી પ્રભાતના કાર્યક્રમને તેઓએ સમજ્યા હતા.

## મારી વાત



વટવા સેન્ટર પર એન.આઇ.ડી.ના શ્રીકાંત ગ્રાફિક ડિઝાઇનનાં વિધાર્થી સાથે ડાન્સની પ્રવૃત્તિ દ્વારા બાળકોએ ' મોજ' કરી.



એન.આઇ.ડી.ના વિધાર્થી દ્વારા ભાઈપુરા સેન્ટરના બાળકો સાથે 'માટીકામ'ની રચનાત્મક પ્રવૃત્તિમાં બાળકોએ રમત સાથે શિક્ષણ મેળવ્યું.

## ધરોબો

### સાધન સહાય શિબિર

પ્રભાત સર્વાંગી વિકાસના અભિગમને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે. તેથી જયારે જરૂરિયાત ઉભી થાય છે ત્યારે સરકાર, સંસ્થા અને સમુદાય વચ્ચે 'સેતુ'ની સક્રિય ભૂમિકા ભજવે છે. જેના ભાગ રૂપે સાધન સહાય શિબિરનું મોટા સ્તરે આયોજન કરવામાં આવેછે.
આ માટે સમુદાય સ્તરે જાગૃતિ, અસેસમેન્ટ અને સંકલન કરીને પ્રભાતની જમીની સ્તરની અસરકારક ભૂમિકાના માધ્યમથી શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ દ્વારા 33 વ્હીલચેર, 37 કેલીપર્સ, 5 બગલ ઘોડી અને 3 જયપુર ફુટ (કૃત્રિમ પગ ) નું વિતરણ કરવામાં આવ્યું.



### નિસ્વાર્થતા અને નિશ્ચયની શક્તિના પાઠ ભણાવતા વિશેષ વિધાર્થીઓ

અસ્ત થતા સૂર્યને ચિંતા હતી કે, મારા પછી કોણ પૃથ્વી પર પ્રકાશ પાથરશે ત્યારે એક માટીનું કોડિયું કહે છે, મારી ત્રેવડ પ્રમાણે હું કરીશ. આમ, કદાચ સૂર્યની કોઇ જગ્યા ન લઇ લે પણ આપણે આપણા તરફથી કેટલું કરી શકીએ એવો વિશાળ વિચાર વ્યક્તિને 'વિશેષ' બનાવે છે.

એવા જ વ્યક્તિઓનું એક ગ્રુપ છે જે પોતે વિઝ્યુઅલી ઇમ્પેર્ડ છે. તેમણે બેરલ માર્કેટના બાળકો સાથે સમય પસાર કર્યો



એ ગ્રુપના જ સંકેત ભાઇ કહે છે કે, અમે આંખે નથી જોઇ શકતા પરંતુ કોઇની પાસેથી લેવા કરતા અમે અમારી ક્ષમતા મુજબ લોકોને મદદ કરી રહ્યા છીએ. તેઓ કોલેજના વિધાથીઓ છે અને તેઓ અમદાવાદમાં

અને પવિત્ર રમઝાન મહિનાને ધ્યાનમાં રાખીને બાળકોને રાશન કીટ અને સ્ટેશનરી ભેંટ સ્વરૂપે આપી.

એમની સમર્થતા પ્રમાણે વૃદ્ધોથી લઈને બાળકો માટે પ્રેરણાદાયક કાર્ય કરી રહ્યા છે.

## પ્રશિક્ષણ

### પ્રશિક્ષણ કાર્યને અસરકારકતા અને નવીનતા આપે છે.

પ્રભાત સતત શીખવાની બાબતમાં માને છે. કાર્યને જમીની સ્તર પર વધુ અર્થપૂર્ણ અસર કરવા માટે સતત નવું જ્ઞાન અને શ્રેષ્ઠ પ્રણાલીને વિકસિત કરે છે. વિપ્રોના પ્રારંભિક બાળપણ શિક્ષણ વિશે જ્ઞાન મેળવવાના પ્રોજેક્ટના ભાગ રૂપે પ્રભાતની ટીમ દ્વારા પુણેના ફલટણ મધ્યે આવેલ પ્રગત શિક્ષણ સંસ્થાની મુલાકાત લેવાની તક મળી. આ સંસ્થા શૈક્ષણિક વિચાર અને વ્યવહારને આગળ વધારવા, સંશોધકો, નીતિ નિર્માતાઓ અને વ્યાપક સમુદાય સાથે કુશળતાને પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

મહારાષ્ટ્રના ફલટણ ખાતે પ્રગતિ શિક્ષણ સંસ્થાન દ્વારા સંચાલિત બાલવાડી કેન્દ્રોની મુલાકાત દરમિયાન,એવું જોવા મળ્યું કે "રમત રમતાં શીખવું" પદ્ધતિ કાર્યરત છે, જ્યાં રમત બાળકોના શિક્ષણ અને વિકાસ માટે કેન્દ્ર સ્થાને છે.





આ અભિગમ બાળકો દ્વારા સંચાલિત છે,જે બાળકોને પોતાની ગતિએ સર્જનાત્મક અભિવ્યક્તિનું અન્વેષણ કરવા, પ્રયોગ કરવા અને તેમાં જોડાવાની તક આપે છે.

અહી શિક્ષકો બાળકોને સુચના આપવા કરતા ફેસીલીટેટરની ભૂમિકા ભજવે છે જે બાળકના સામાજિક, ભાવનાત્મક અને શારીરિક વિકાસને પ્રોત્સાહન આપે છે. આ એક્સપોઝર  વિપ્રોના સમાવેશી આંગણવાડીના કાર્યક્રમ અન્વયે કરવામાં આવ્યું હતું. આને લઈને આગળ પણ  પ્રશિક્ષણ માટેની યોજના અમલમાં બનશે.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02 ફોર્મ , રેલ્વે  પાસ માટેના ફોર્મ -03,  સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -03, પેન્શન માટેના ફોર્મ -03 માટે  પ્રક્રિયા કરવામાં આવી.

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત 5 બાળકોના ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા.

Copyright (C) 2024 Prabhat Education Foundation. All rights reserved.

Want to change how you receive these emails?
You can update your preferences or unsubscribe